# પોલીટેકનીક ફૂડ સાયંસ એન્ડ હોમ ઈકોનોમીક્સ ખાતે
# “સાઈબર ક્રાઈમ જાગરૂકતા” કાર્યક્રમ યોજાયો

---

આજનાં આધુનિક યુગમાં રોજીંદા કામકાજમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય થઇ ગયો છે. આ  નવીન ટેકનોલોજીમાં સૌથી વધારે પ્રચલીત છે મોબાઈલ અને ઇન્ટરનેટનો ઉપયોગ. મોબાઈલ અને ઇન્ટરનેટનાં ઉપયોગથી દરેક કામ જેવા કે ઓનલાઈન લાઈટ બિલ ભરવું, ઓનલાઈન શોપિંગ, બેંક અને પૈસાની લેવડ દેવડ તથા વ્યાપાર જેવા  રોજિંદા કર્યો ઝડપી અને સરળતાથી થઇ જાય છે. પણ તકેદારી અને જાગરૂકતાનાં અભાવે ક્યારેક મુશ્કેલીઓ પણ સર્જાઈ શકે છે. કારણ જેમ જેમ મોબાઈલ અને ઇન્ટરનેટનાં ઉપયોગ વધતો જાય છે તેમ તેમ તેના થકી આચરવામાં આવતા ગુન્હાઓની સંખ્યા પણ દિવસે દિવસે વધતી જાય છે.  આવા ગુન્હાઓને **“સાઈબર ક્રાઈમ”** કહેવામાં આવે છે. સાઈબર ક્રાઈમનાં કિસ્સાઓમાં ઘટાડો આવે તે માટે સામાન્ય લોકોમાં આ અંગે જાગરુકતા લાવવી ખુબ જરૂરી છે. જે માટે એન.એન.એસ. યુનિટ, પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમીક્સ, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ દ્વારા ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પોલીટેકનીકના વડા ડો .કે. બી. કામળિયાએ તમામ મહાનુભાવોનું શાબ્દિક અને ફૂલોથી સ્વાગત કર્યું. ત્યારબાદ આણંદ સાયબર સેલમાંથી વક્તવ્ય માટે પધારેલ શ્રીમાન વીરેન જોશીએ સાયબર ક્રાઈમ પર વ્યક્તવ્ય આપ્યુ. આ જાગૃતિ કાર્યક્રમમાં પોલીટેકનિકના વિદ્યાર્થીઓ સાથે બેકરીશાળાના વિદ્યાર્થીઓ અને તમામ કર્મચારી ગણ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમા કુલ ૯૫ વિદ્યાર્થીઓ અને ૧૫ સ્ટાફ સભ્યોએ હાજર હતા. અંતમાં પોલીટેકનીકનાં એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. મીનાક્ષીબેન પ્રજાપતિ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.





મહેમાનોનું સ્વાગત





સ્વાગત પ્રવચન

સાઈબર ક્રાઈમ પર વ્યાખ્યાન





પ્રેક્ષક ગણ